# કોરૂગુટેડ બોક્સ મેકર્સની આયાત વેરો માફ કરવા માંગ

આર આર ગોસ્વામી

અમદાવાદ

સ્વદેશી ક્રાફ્ટ પેપરની ખેંચના કારણે કોરૂગેટેડ બોક્સના ઉત્પાદકોએ કાચા માલ પર આયાત વેરો માફ કરવાની માગણી કરી છે. આ ઉદ્યોગનું મૂલ્ય રૂ. ૪,૦૦૦ કરોડ છે અને ક્રાફ્ટ પેપર મુખ્ય કાચો માલ છે. દેશમાં ઉત્પન્ન થતાં ૭૦ ક્રાફ્ટ પેપરનો વપરાશ આ ઉદ્યોગમાં થાય છે. ક્રાફ્ટ પેપર ઉત્પાદકોએ તેમની કિંમત ૨૫ ટકા સુધી વધારતાં ઉદ્યોગને ફટકો પડ્યો છે. દેશમાં કોરુગેટેડ બોક્સ ઉદ્યોગમાં ૧૦,૦૦૦ એકમ કાર્યરત છે, જેમાં ત્રણ લાખ લોકોને સીધી રોજગારી મળે છે.

ઇન્ડિયન કોરૂગેટેડ કેસ મેનુફેક્ચરર્સ એસોસિએશન (આઇસીસીએમએ)એ જણાવ્યું હતું કે અન્ય કાચા માલ સ્ટાર્ચની કિંમતમાં પણ ૪૦ ટકાનો વધારો જોવા મળ્યો છે અને તેની સાથે સ્વિચિંગ વાયરની કિંમત પણ વધી છે. આઇસીસીએમએના પ્રમુખ કિરીટ મોદીનું કહેવું છે કે તાજેતરમાં ચીલીમાં આવેલા ધરતીકંપના કારણે વૈશ્વિક સ્તરે રેષાની ખેંચ છે જે ક્રાફ્ટ પેપરના ઉત્પાદનમાં વપરાય છે. ઉત્તર અમેરિકામાં કડકડતો શિયાળો પડતા અને બરફવર્ષા થતાં વેસ્ટ પેપરની ઉપલબ્ધતા પર દબાણ વધ્યું છે, જે દેશમાં સ્થાનિક રીસાયકલ પેપર મિલ માટે મુખ્ય કાચો માલ છે.